MaruGujarat.in

1 નીચેનામાંથી ક્યો કર આવકની અસમાનતા ઘટાડે છે ?
(A) પ્રગતિશીલ કરવેરો
(B) પ્રમાણસર કરવેરો
(C) પ્રતિગામી કરવેરો
(D) પરોક્ષ કરવેરો

2 ચલણનું અવમૂલ્યન થવાને કારણે શેમાં વધારો થાય છે ?
(A) આયાતો
(B) મંદી
(C) નિકાસો
(D) (A) અને (B) બંને

3 પ્રાદેશિક ગ્રામીણ બેંકોનું તેમની સંબંધિત પ્રાયોજક (સ્પોન્સર) બેંકો સાથે વિલીનીકરણ કરવાની કઈ સમિતિએ ભલામણ કરી ?
(A) ખુસરો સમિતિ
(B) નરસિંહમ સમિતિ
(C) દત્ત સમિતિ
(D) રંગરાજન સમિતિ

4 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં વસ્તી ગીચતા કેટલી હતી ?
(A) 182 વ્યક્તિ પ્રતિ ચોરસ કિ.મી.
(B) 282 વ્યક્તિ પ્રતિ ચોરસ કિ.મી.
(C) 382 વ્યક્તિ પ્રતિ ચોરસ કિ.મી.
(D) 482 વ્યક્તિ પ્રતિ ચોરસ કિ.મી.

5 નાણાકીય વર્ષ 2021-22 માટે બાળકોના શિક્ષણ ભથ્થા માટે કરમુક્તિની રકમ કઈ છે ?
(A) રૂ. 100 માસિક બાળકદીઠ (વધુમાં વધુ 2 બાળકો)
(B) રૂ. 200 માસિક બાળકદીઠ (વધુમાં વધુ 2 બાળકો)
(C) રૂ. 300 માસિક બાળકદીઠ (વધુમાં વધુ 2 બાળકો)
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

6 નીચેનામાંથી કયો ટેક્સ જી.એસ.ટી.માં સમાવવામાં આવ્યો છે ?
(A) સેન્ટ્રલ સેલ્સ ટેક્સ
(B) સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યૂટી અને સર્વિસ ટેક્સ
(C) મૂલ્યવર્ધિત ટેક્સ
(D) ઉપરોક્ત તમામ

7 જ્યાં કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિની ઇચ્છા પર પ્રભુત્વ ધરાવવાની સ્થિતિમાં હોય અને તે પદનો ઉપયોગ અન્યાયી લાભ મેળવવા કરે તો તેને ______ કહેવાય.
(A) છેતરપિંડી
(B) બળજબરી
(C) અયોગ્ય પ્રભાવ
(D) ગેરઉપયોગ



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

8 કટ કે કોપી કરેલ લખાણ કે ચિત્ર ક્યાં જાય છે ?

(A) ડોક્યુમેન્ટ (B) ફાઈલ

(C) ડ્રાફ્ટ (D) ક્લિપબોર્ડ

9 ઈન્ટરનેટ પર કમ્પ્યૂટર કે રાઉટર દ્વારા પ્રેષકથી પ્રાપ્તકર્તા સુધી મોકલાતી માહિતીની નોંધ રાખતા પ્રોગ્રામને શું કહે છે ?

(A) Sniffer (B) Denial of service attack

(C) Malicious code (D) Spooting

10 HTML ફાઈલોનું કોડિંગ શેમાં લખવામાં આવે છે ?

(A) MS-Word (B) MS-Excel

(C) Notepad (D) Dos

11 જો સદિશ $r = xi, yj + zk$ હોય તો, $div(r) =$ ______

(A) 3 (B) 1

(C) –3 (D) 2

12 સંકર સંખ્યા માટેના ડીમોરવીના પ્રમેય મુજબ $(\cos\theta + i\sin\theta)^n =$

(A) $\cos n\theta + i\sin n$ (B) $\cos n\theta - i\sin n\theta$

(C) $\sin n\theta + i\cos n\theta$ (D) $\sin n\theta - i\cos n\theta$

13 નીચેનાં વિધાનોમાંથી કયું વિધાન સાચું છે ?

(A) પ્રત્યેક વિકલનીય વિધેય સતત વિધેય થાય.

(B) પ્રત્યેક સતત વિધેય વિકલનીય વિધેય થાય.

(C) કોઈ બિંદુ પાસે વિધેયનું લક્ષ અસ્તિત્વ ધરાવે તો તે વિધેય તે બિંદુ પાસે સતત થાય.

(D) કોઈ બિંદુ પાસે વિધેયનું ડાબી અને જમણી બાજુનું લક્ષ અસ્તિત્વ ધરાવે તો તે વિધેય તે બિંદુ પાસે સતત થાય.

14 પોયસન વિતરણ ______ વિષમતા ધરાવે છે.

(A) ઋણ (B) ધન

(C) શૂન્ય (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

15 નીચેના પૈકી કયું માપ એકમથી મુક્ત છે ?
(A) સરેરાશ વિચલન
(B) ચતુર્થક વિચલન
(C) વિસ્તાર
(D) ચલનાંક

16 એક વસ્તુનો ભાવ આધાર વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષમાં 4.5 ગણો વધે છે, તો ભાવ સૂચકઆંક કેટલો થાય ?
(A) 45
(B) 450
(C) 550
(D) 900

17 કર્મચારીઓને વ્યવસ્થા તંત્રએ ઘડેલ આચારસંહિતા વિશેની માહિતીથી માહિતગાર કરવા શું લખાય છે ?
(A) મેમો
(B) પરિપત્ર
(C) નોટિસ
(D) અરજીપત્ર

18 કંપની સભામાં જે કાર્યો કરવાના હોય છે તે કાર્યોની યાદી કયા નામે ઓળખાય છે ?
(A) પ્રસ્તાવ
(B) ઠરાવ
(C) સભાનોંધ
(D) એજન્ડા

19 સમતૂટ વિશ્લેષણમાં કઈ પડતર ધ્યાને લેવામાં આવે છે ?
(A) સ્થિર પડતર
(B) ચલિત પડતર
(C) સ્થિર અને ચલિત પડતર બંને
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

20 નીચેનામાંથી કઈ વેબસાઈટ લેટેક્સના પેકેજ ધરાવે છે ?
(A) CTAN
(B) CLAN
(C) CTEN
(D) CLEN

21 કયું વિધાન સાચું છે ?
(A) અન્વેષણ ફરજિયાત છે
(B) અન્વેષણ ફરજિયાત નથી
(C) અન્વેષણ કોઈ પણ વ્યક્તિ કરી શકે
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

22 કોમર્શિયલ પેપર બહાર પાડવા માટેની ન્યૂનતમ રકમ કેટલી છે ?
(A) રૂ. 5.00 લાખ
(B) રૂ. 10.00 લાખ
(C) રૂ. 50.00 લાખ
(D) રૂ. 1.00 કરોડ



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

23 નીચેનામાંથી કઈ ઈન્વેન્ટરી અંકુશની પદ્ધતિ નથી ?

(A) FTMN વિશ્લેષણ (B) ABC વિશ્લેષણ

(C) VED વિશ્લેષણ (D) FSN વિશ્લેષણ

24 ભારતમાં રાજકોષીય નીતિનો હેતુ નીચેના પૈકી કયો નથી ?

(A) રોજગારીની તકો વધારવી (B) આવક અને સંપત્તિની અસમાનતા ઘટાડવી

(C) ભાવ સ્થિરતાને પ્રોત્સાહન આપવું (D) અર્થતંત્રમાં પ્રવાહિતા વધારવી

25 કાર્યનું સાપેક્ષ મૂલ્ય શાના દ્વારા જાણી શકાય ?

(A) કાર્ય રચના (B) કાર્ય વિશ્લેષણ

(C) કાર્ય મૂલ્યાંકન (D) કાર્ય ફેરફાર

26 હાર્ડવેર અને સૉફ્ટવેરને જોડવાનું કામ કોણ કરે છે ?

(A) ટ્રાન્સિસ્ટર (B) વેક્યુમ ટ્યુબ

(C) ઓપરેટિંગ સિસ્ટમ (D) વેબ બ્રાઉઝર

27 ઉત્પાદન શક્યતા રેખાનું જમણી બાજુ ખસવાનું કારણ કયું છે ?

(A) ઉત્પાદકતામાં વધારો

(B) સાધનોના પુરવઠામાં કે તેની ગુણવત્તામાં વધારો

(C) નવી શોધખોળ અને ટેક્નોલોજીનો વિકાસ

(D) ઉપરોક્ત તમામ

28 સીમાંત ખર્ચ કરતાં સરેરાશ ખર્ચ વધુ હોય તો ઉત્પાદન વધતા સરેરાશ ખર્ચ ........

(A) ઘટે છે (B) વધે છે

(C) સ્થિર રહે (D) અનિશ્ચિત હોય

29 બેકારીના કુદરતી દરનો ખ્યાલ કોણે આપ્યો છે ?

(A) અમર્ત્ય સેન (B) જગદીશ ભગવતી

(C) મિલ્ટન ફ્રીડમેન (D) જ્યોર્જ જોસેફ સ્ટીગલર

30 જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક કોણે શોધી કાઢ્યો ?

(A) અમર્ત્ય સેન (B) મોરિસ ડેવિડ મોરિસ

(C) મેહબુબ અલહક (D) એડમ સ્મિથ



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

31 નાણાકીય વર્ષ 2021-22 માટે આરોગ્ય અને શિક્ષણ ઉપકરની ટકાવારી કેટલી છે ?

(A) 5%
(B) 4%
(C) 3%
(D) 2%

32 જી.એસ.ટી. ______ પર ચૂકવવાપાત્ર છે.

(A) એકત્રિત રોકડ
(B) માંગના મૂલ્ય
(C) પુરવઠાના મૂલ્ય
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

33 જો ABCDમાં A=26, SUN=27 હોય, તો CAT = ______.

(A) 24
(B) 27
(C) 57
(D) 58

34 માલ વેચાણ અધિનિયમ હસ્ત નીચે મુજબના માલના વેચાણ સાથે સંબંધિત છે.

(A) સ્થાવર
(B) જંગમ
(C) વિશિષ્ટ
(D) ઉપરોક્ત તમામ

35 ગ્રાહક સુરક્ષા કાયદા મુજબ રાષ્ટ્રીય આયોગના સભ્યની મહત્તમ ઉંમર ______ હોવી જોઈએ.

(A) 60
(B) 65
(C) 70
(D) 75

36 નીચેના પૈકી કઈ ભૂલ સિદ્ધાંતની ભૂલ ગણાય ?

(A) બે વખત ખતવણી
(B) કોઈ ખાતે ખોટી રકમની ખતવણી
(C) ચૂકવેલ ભાડા અંગે મકાન માલિકનું ખાતું ઉધારવું
(D) કોઈ વ્યવહાર કોઈ ખાતે નોંધવાનો રહી ગયો હોય

37 નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન "આંતરિક અંકુશ"નો એક હેતુ નથી ?

(A) કર્મચારી દ્વારા થતી ભૂલો શોધી કાઢવી અને અટકાવવી
(B) કર્મચારી દ્વારા થતી છેતરપિંડી શોધી કાઢવી અને અટકાવવી
(C) ગ્રાહકોને પૂરી પાડવામાં આવતી સેવા કે માલની ગુણવત્તામાં સુધારો કરવો
(D) એની હિસાબી પદ્ધતિ અપનાવવી કે જેથી વાર્ષિક હિસાબો ઝડપથી તૈયાર થાય

PariksaPath · pariksapath.in

MaruGujarat.in

38 શેરહોલ્ડરોને બોનસ શેર આપવા ______ નો ઉપયોગ થઈ શકે છે.

(A) મૂડી અનામત
(B) સામાન્ય અનામત
(C) મૂડી પરત અનામત
(D) ઉપરોક્ત તમામ

39 ભારતમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એક્ટ ક્યારે બન્યો છે ?

(A) 1947
(B) 1949
(C) 1956
(D) 1962

40 ગુણોત્તર શ્રેણી $1, \sqrt{3}, 3\sqrt{3}$ ....... નું પાંચમું પદ શોધો.

(A) $6\sqrt{3}$
(B) 9
(C) $9\sqrt{3}$
(D) 27

41 $\frac{d}{dy}(x+y) =$ ______

(A) $x+1$
(B) $1+y$
(C) 1
(D) 0

42 RTGSનું પૂરું નામ શું છે ?

(A) રિયલ ટાઈમ ગ્રેડ સેટલમેન્ટ
(B) રિઝર્વ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ
(C) રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ
(D) રિઝર્વ ટાઈમ ગ્રેડ સેટલમેન્ટ

43 કંપનીના વિસર્જનના કિસ્સામાં ઓફિશિયલ લિક્વિડેટર પોતાનો મત કોને જણાવે છે

(A) સંચાલકોને
(B) ટ્રિબ્યુનલને
(C) શેરહોલ્ડર્સને
(D) લેણદારને

44 શેર અને ડિબેન્ચર પર બાંયધરી કમિશનનો વધુમાં વધુ દર કેટલો છે ?

(A) શેર અંગે 2.5% અને ડિબેન્ચર અંગે 1%
(B) શેર અંગે 5% અને ડિબેન્ચર અંગે 2.5%
(C) શેર અંગે 7.5% અને ડિબેન્ચર અંગે 5%
(D) શેર અંગે 12.5% અને ડિબેન્ચર અંગે 10%



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

45 નીચેનામાંથી કઈ ભારતીય નાણાકીય વ્યવસ્થામાં નિયમનકારી સંસ્થા નથી ?

(A) RBI
(B) CIBIL
(C) SEBI
(D) IRDA

46 કઈ ઉત્પાદન પ્રક્રિયામાં ચોક્કસ ગ્રાહકો માટે સિંગલ પ્રોડક્ટનું ઉત્પાદન કરવામાં આવે છે ?

(A) સતત ઉત્પાદન
(B) જોબ ઉત્પાદન
(C) બેચ ઉત્પાદન
(D) સામૂહિક ઉત્પાદન

47 માર્કેટિંગ મિક્સના વિસ્તૃત ચાર પીલર્સ ક્યા છે ?

(A) લોકો, ઉત્પાદન, કિંમત, સ્થળ
(B) લોકો, ઉત્પાદન, કિંમત, પ્રમોશન
(C) ઉત્પાદન, કિંમત, પ્રક્રિયા, પ્રમોશન
(D) ઉત્પાદન, કિંમત, સ્થળ, પ્રમોશન

48 મૂડી અંદાજપત્ર શાની સાથે જોડાયેલું છે ?

(A) ટૂંકાગાળાની મિલકતો
(B) સ્થિર મિલકતો
(C) લાંબાગાળાની મિલકતો
(D) ઉપરોક્ત તમામ

49 NABARDની સ્થાપના ક્યારે થઈ હતી ?

(A) 1980
(B) 1982
(C) 1984
(D) 1986

50 ગ્રાહક સુરક્ષા અધિનિયમ હેઠળ ગ્રાહકને કેટલા અધિકારો આપેલા છે ?

(A) 8
(B) 6
(C) 4
(D) 5



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

51 એજન્સીનો .......... અંત આવે છે.
(A) સત્તાને રદ કરવાના સિદ્ધાંત દ્વારા
(B) એજન્ટ દ્વારા એજન્સીના વ્યવસાયનો ત્યાગ કરીને
(C) પ્રિન્સિપાલ અથવા એજન્ટ મૃત્યુ પામે તો
(D) ઉપરોક્ત તમામ

52 નીચેના પૈકી હિસાબોમાં ઘાલમેલ કરવાની કઈ રીત દ્વારા નફો ઓછો બતાવી શકાય ?
(A) શરૂઆતના સ્ટોકની કિંમત ઓછી આંકવી કે આખર સ્ટોકની કિંમત વધુ ગણવી
(B) ખોટી ખરીદી બતાવવી
(C) મળેલ આવક વધુ બતાવવી
(D) મિલકતો પર ઓછો ઘસારો ગણવો

53 દેવાદારો પાસેથી મળેલી રોકડની ઉચાપત કરવા માટેની શક્યતા પૈકીની નીચેની બાબત સાચી નથી ?
(A) ગ્રાહકોને આપેલ પહોંચના અડધિયામાં ઓછી રકમ બતાવીને
(B) દેવાદારોને આપેલ વટાવ વધુ બતાવીને
(C) લેણદારો પાસેથી મળેલ રોકડની પહોંચ ગુમ કરીને
(D) ટીમિંગ અને લેડિંગની પદ્ધતિ

54 નાણાકીય વર્ષ પૂરું થયા પછી કેટલા સમયમાં કંપનીના વાર્ષિક હિસાબો વાર્ષિક સામાન્ય સભામાં રજૂ કરવા પડે ?
(A) ત્રણ માસમાં
(B) છ માસમાં
(C) બાર માસમાં
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

55 ઓડિટરનું પ્રમાણપત્ર કયા પક્ષને ઉદ્દેશીને આપવાનું હોય છે ?
(A) કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને
(B) મધ્યસ્થ સરકારને
(C) કોઈ પક્ષને ઉદ્દેશીને અપાતું નથી
(D) કંપનીના શેરહોલ્ડરોને

56 નીચેના પૈકી કયું આઉટપુટ માટેનું ઉપકરણ નથી ?
(A) મોનિટર
(B) પ્લોટર
(C) પ્રિન્ટર
(D) ઓપ્ટીકલ સ્કેનર

57 આધુનિક શબ્દપ્રક્રિયા સોફ્ટવેર નીચેનામાંથી કઈ પદ્ધતિ પ્રમાણે ચાલે છે ?
(A) WIGIWIS
(B) WISYWIG
(C) WYSIWYG
(D) WISYWYG



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

58 નીચેનામાંથી કોનો નિઃશુલ્ક ઓપનસોર્સ વેબવિકાસ માટેના IDE તરીકે ઉપયોગ થયો છે ?

(A) HTML (B) KompoZer

(C) Scite (D) Base

59 જો $y = \sin(ax+b), a \neq 0, b$ વાસ્તવિક અચળ સંખ્યાઓ હોય, તો .........

(A) $y_n = a^n \cos\{ax+b+n(\delta/2); n \in N\}$

(B) $y_n = a^n \sin\{ax+b+n(\delta/2); n \in N\}$

(C) $y_n = a^n \sin\{ax+b-n(\delta/2); n \in N\}$

(D) $y_n = a^n \cos\{ax+b-n(\delta/2); n \in N\}$

60 શ્રેણિક $A = \begin{bmatrix} 1 & 4 \\ 3 & 2 \end{bmatrix}$ના આઈજેન મૂલ્યો (Eigen Values) ..........

(A) $\lambda = -2$ અને $\lambda = -5$ (B) $\lambda = 2$ અને $\lambda = 5$

(C) $\lambda = -2$ અને $\lambda = 5$ (D) $\lambda = 2$ અને $\lambda = -5$

61 નીચેનાં વિધાનોમાંથી કયું વિધાન ખોટું છે ?

(A) પ્રત્યેક અભિસારી શ્રેઢી કોશી શ્રેઢી થાય

(B) પ્રત્યેક અભિસારી શ્રેઢી સીમિત શ્રેઢી થાય

(C) પ્રત્યેક કોશી શ્રેઢી અભિસારી શ્રેઢી થાય

(D) અભિસારી શ્રેઢીનું લક્ષ અસ્તિત્વ ધરાવતું હોય તો તે એક અને માત્ર એક હોય

62 બે ચલ $x$ અને $y$ વચ્ચે સહસંબંધાંક 0.9 છે, તો $\frac{x-20}{10}$ અને $\frac{y-30}{20}$ વચ્ચે સહસંબંધાંક ______ થાય.

(A) 0.45 (B) 0.90

(C) 1 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

63 અતિગુણોત્તર વિતરણ ક્યારે દ્વિપદી વિતરણને અનુસરે છે ?

(A) $m \to \infty$ (B) $n \to \infty$

(C) $mn \to \infty$ (D) $(m+n) \to \infty$



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

64 સમપરિમાણીય વિધેય $f(x,y)=\frac{x^4+y^4}{x+y}$; $x+y\neq0$ની ઘાત ______

(A) 3
(B) 0
(C) 2
(D) 1

65 વિકલ સમીકરણ $M(x,y)\,dx+N(x,y)dy=0$ની યથાર્થ (Exact) થવા માટેની જરૂરી શરત ______.

(A) $\partial M/\partial x=\partial N/\partial y$
(B) $\partial M/\partial x=-\partial N/\partial y$
(C) $\partial M/\partial y=-\partial N/\partial x$
(D) $\partial M/\partial y=\partial N/\partial x$

66 નીચેના પૈકી કયું ડેટાબેસ મેનેજમેન્ટ સિસ્ટમ (DBMS) છે ?

(A) FoxPro
(B) Word
(C) Excel
(D) PowerPoint

67 નીચેનામાંથી જાવામાં ઈન્સ્ટન્ટ મેથડ ઈન્વોક કરવા માટે શું વપરાય છે ?

(A) ઓબ્જેક્ટનું નામ, કોલોન (:) અને મેથડનું નામ
(B) ઓબ્જેક્ટનું નામ, ડોટ (.) અને મેથડનું નામ
(C) ક્લાસનું નામ, કોલોન (:) અને મેથડનું નામ
(D) ક્લાસનું નામ, ડોટ (.) અને મેથડનું નામ

68 MODEMનું પૂરું નામ જણાવો.

(A) મોડર્ન ઈલેક્ટ્રોનિક માઉસ
(B) મોડ્યુલેટર ડીમોડ્યુલેટર
(C) મોડર્ન ઈલેક્ટ્રિક મોનિટર
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

69 3×3 શ્રેણિક Aના કયા આઈજેન (Eigen) મૂલ્યો માટે શ્રેણિક A ચોક્કસપણે વિકર્ણ યોગ્ય (Diagonalizable) થાય ?

(A) 1, 1, 1
(B) 1, 1, 2
(C) 1, 2, 3
(D) 1, 2, 2

70 એક વસ્તુ માટે નફો ($y$)ની વેચાણ ($x$) ઉપરની નિયત સંબંધરેખા $2x+4y=600$ છે. વસ્તુનું સરેરાશ વેચાણ રૂ.100 છે, તો સરેરાશ નફો ______ થાય.

(A) 100
(B) 150
(C) 200
(D) 250



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

71 મોસમી ઘટકને કારણે સામાયિક ચલમાં કયા પ્રકારના ફેરફારો થાય છે ?

(A) દીર્ઘકાલીન (B) અનિયમિત

(C) નિયમિત (D) શૂન્ય પ્રમાણમાં

72 કોઈ એક સમૂહમાં $m$ ભિન્ન વસ્તુઓ અને બીજા સમૂહમાં $n$ ભિન્ન વસ્તુઓ હોય, તો બંને સમૂહોમાંથી કોઈ પણ એક વસ્તુની પસંદગી કેટલા પ્રકારે થઈ શકે ?

(A) $mn$ (B) $\frac{m}{n}$

(C) $m-n$ (D) $m+n$

73 સ્ટેક હોલ્ડર સંબંધ સમિતિ રચવાની ફરજ કોની છે ?

(A) બોર્ડ ઓફ ડિરેક્ટર્સ (B) શેરહોલ્ડર્સ

(C) કંપની સેક્રેટરી (D) બધા ભેગા મળીને

74 આકસ્મિક કરાર માટે ઘટના ______ હોવી આવશ્યક છે.

(A) ચોક્કસ (B) નિશ્ચિત

(C) સ્વતંત્ર (D) અનિશ્ચિત અને કોલેટરલ

75 જ્યારે વેચનાર કિંમતમાં હેરફેર કરે છે, ત્યારે તે .......... તરીકે ઓળખાય છે.

(A) ચેતવણી આપનાર (કેવિએટ એમ્પ્ટર)

(B) અયોગ્ય વેપાર પદ્ધતિઓ

(C) પ્રતિબંધિત વેપાર પદ્ધતિઓ

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

76 નીચેના પૈકી કઈ ભૂલ એ "કારકુની ભૂલ" ગણાતી નથી ?

(A) પેટા નોંધોના સરવાળા કરવાની ભૂલ

(B) કોઈ ખાતાની બાકી ખોટી કાઢવી

(C) કોઈ ખાતાની ખોટી બાકી આગળ ખેંચી જવી

(D) મહેસૂલી અને મૂડી આવક-ખર્ચ વચ્ચે ખોટી ફાળવણી કરવી

77 અવેજ વિનાનો કરાર ______ છે.

(A) રદબાતલ (B) ગેરકાયદેસર

(C) અમલમાં મૂકી શકાય તેવો (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

78 રિકાર્ડોનો આંતરરાષ્ટ્રીય વ્યાપારનો સિદ્ધાંત કયા સિદ્ધાંત પર આધારિત છે ?

(A) સામાન્ય સમતુલાનો સિદ્ધાંત

(B) શ્રમ મૂલ્યનો સિદ્ધાંત

(C) સીમાંત ભૌતિક ઉત્પાદકતાનો સિદ્ધાંત

(D) વ્યાજનો રોકડ પસંદગીનો સિદ્ધાંત

79 રેપોરેટમાં રિઝર્વ બેંક દ્વારા ઘટાડો કરવામાં આવે તો શું થાય છે ?

(A) નાણાંનો પુરવઠો ઘટે છે (B) નાણાંનો પુરવઠો વધે છે

(C) નાણાંની માંગ ઘટે છે (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

80 માનવ વિકાસ આંકની ગણતરી માટે શાને ધ્યાનમાં લેવાય છે ?

(A) સારું આરોગ્ય (અપેક્ષિત આયુષ્ય)

(B) સારું શિક્ષણ

(C) સારું જીવનધોરણ

(D) ઉપરોક્ત તમામ

81 કેન્દ્રીય બજેટ 2021-22માં .......... રજૂ થયું.

(A) પ્રથમ વખત ડિજિટલ રીતે (B) રાજ્યસભામાં

(C) વિડિયો કોન્ફરન્સિંગથી (D) સંસદના સંયુક્ત સત્રમાં

82 ભારત રાજ્યના વર્ષ 2021-22ના બજેટ વર્ષ દરમિયાન થનાર ખર્ચને ચઢતા ક્રમમાં ગોઠવો.

(i) વ્યાજની ચુકવણી

(ii) કેન્દ્રીય ક્ષેત્રની યોજનાઓ

(iii) કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓ

(iv) સબસિડી

(A) (i), (ii), (iii), (iv) (B) (iv), (iii), (ii), (i)

(C) (ii), (iii), (i), (iv) (D) (iii), (iv), (ii), (i)

83 વ્યવસાયમાંથી આવકના સંદર્ભમાં નીચેનામાંથી કયો ખર્ચ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બાદ થતો નથી ?

(A) આવકવેરો (B) જી.એસ.ટી.

(C) સ્થાનિક કર (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

84 નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?
(A) આંતરિક ઓડિટ વાર્ષિક ઓડિટ ખર્ચમાં ઘટાડો કરે છે
(B) સંચાલકીય ઓડિટ (કાર્યક્ષમતા ઓડિટ) શેરહોલ્ડરોને તેમના નાણાંના યોગ્ય ઉપયોગની ખાતરી આપે છે
(C) સામાજિક ઓડિટ સર્વે હિતધારકોને રક્ષણ આપે છે
(D) અંશતઃ ઓડિટમાં "કેટલાક દસ્તાવેજો અને હિસાબી ચોપડાઓનું" ઓડિટ થાય છે

85 નીચેના પૈકી કઈ રકમ સંરક્ષિત મિલકત (Contingent Asset) ગણાય છે ?
(A) કંપનીએ ખરીદેલા અંશતઃ ભરપાઈ શેર પરના બાકી હપતા
(B) વટાવેલી હૂંડીઓ
(C) પ્રાથમિક ખર્ચ
(D) કંપનીએ અદાલતમાં અમુક રકમ મેળવવા કરેલ દાવામાં મળવાની રકમની શક્યતા

86 ડિવિડન્ડ જાહેર કર્યા પછી કેટલા સમયમાં ડિવિડન્ડ વોરન્ટ સભ્યોને પોસ્ટ કરી દેવા પડે કે ડિવિડન્ડ ચૂકવી દેવું પડે ?
(A) 21 દિવસમાં
(B) 30 દિવસમાં
(C) 60 દિવસમાં
(D) જે તે નાણાકીય વર્ષના અંત પહેલાં

87 નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?
(A) ભારતના 2013ના કંપની ધારા હેઠળ અન્વેષણ ફરજિયાત છે
(B) અન્વેષણ હંમેશાં SEBI એ બહાર પાડેલી સૂચના મુજબ કરવાનું હોય છે
(C) અન્વેષણ એ કોઈ વિશિષ્ટ હેતુ માટે હિસાબી તપાસ છે
(D) ઓડિટ અહેવાલમાં અન્વેષણની વિગતોનો સમાવેશ જરૂરી છે

88 ભારતીય મૂડી બજારમાં નીચેનામાંથી કઈ એજન્સીને ભારતમાં મ્યુચ્યુઅલ ફંડ બજારોનું નિયમન કરવાની સત્તા છે ?
(A) IRDA
(B) SEBI
(C) RBI
(D) IBPS

89 માલ ખરીદવાની તકનીક કે જેમાં યોગ્ય ગુણવત્તા, યોગ્ય માત્રામાં, યોગ્ય કિંમતે, યોગ્ય સમયે અને યોગ્ય સ્રોતમાંથી ખરીદી કરવામાં આવે તેને કઈ ખરીદ પદ્ધતિ કહેવાય છે ?
(A) સટ્ટાકીય ખરીદી
(B) પારસ્પરિક ખરીદી
(C) બલ્ક ખરીદી
(D) વૈજ્ઞાનિક ખરીદી

90 નીચેના પૈકી કયા કાયદા દ્વારા સરકાર પ્રતિબંધિત વેપાર પર નજર રાખે છે ?
(A) MRTP Act
(B) FEMA Act
(C) 1991ની ઔદ્યોગિક નીતિ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

91 ખેડાના સત્યાગ્રહ સમયે ગુજરાત સભાના પ્રમુખ કોણ હતા ?

(A) વલ્લભભાઈ પટેલ (B) મોહનલાલ પંડ્યા

(C) ગાંધીજી (D) વિઠ્ઠલભાઈ પટેલ

92 નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

(a) ગોળ ગધેડાનો મેળો (1) ખેડબ્રહ્મા

(b) તરણેતરનો મેળો (2) ગરબાડા

(c) ચિત્ર-વિચિત્રનો મેળો (3) નડેલાવ

(d) ગાય ગોહરીનો મેળો (4) થાનગઢ

(A) (c)-(3), (d)-(1), (b)-(4), (a)-(2)

(B) (a)-(2), (b)-(4), (d)-(3), (c)-(1)

(C) (b)-(3), (c)-(2), (a)-(1), (d)-(4)

(D) (d)-(3), (a)-(4), (c)-(1), (b)-(2)

93 ગુજરાત રાજ્યમાં આવેલ સંસ્કૃતિ વનો પૈકી તિર્થંકર વન ક્યા જિલ્લામાં આવેલ છે ?

(A) મહેસાણા (B) મહીસાગર

(C) નવસારી (D) વલસાડ

94 નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

(a) હેલીકલ સ્ટેપવેલ (1) વડોદરા જિલ્લો

(b) ભગવાન લકુલીશનું જન્મસ્થળ (2) પંચમહાલ જિલ્લો

(c) તેરા કોટ (3) વલસાડ જિલ્લો

(d) પારસી ભાઈઓનું પવિત્ર ધામ (4) કચ્છ જિલ્લો

(A) (d)-(1), (b)-(3), (a)-(2), (c)-(4)

(B) (c)-(4), (a)-(3), (d)-(2), (b)-(1)

(C) (a)-(2), (c)-(4), (b)-(1), (d)-(3)

(D) (b)-(1), (d)-(3), (c)-(2), (a)-(4)

95 ગીરના જંગલની ગાથા વર્ણવતી કવિતા 'ગાજે જંગલ ગીર તણાં'નું વર્ણન કરનાર કવિવરનું નામ જણાવો.

(A) ત્રિભુવન વ્યાસ (B) નરસિંહ મહેતા

(C) ત્રિભુવન લુહાર (D) મનોજ ખંડેરિયા

96 દેશી રજવાડાઓને ભારતની રાષ્ટ્રીય એકતામાં અંતર્ગત (સમાવેશ) કરવાની યોજનામાં સરદાર પટેલના ભગીરથ પ્રયત્નોમાં સૌપ્રથમ સહકાર આપનાર રાજવીનું નામ જણાવો.

(A) કૃષ્ણકુમારસિંહજી (B) ભાવસિંહજી

(C) રણજીતસિંહજી (D) ભગવતસિંહજી

97 સૂર્યની સપાટી પર જોવા મળતાં કાળા ધાબાંને શું કહે છે ?

(A) સૂર્યકલંકો (B) સૂર્યવિક્ષન

(C) સૂર્યઘાત (D) સૂર્યપાત



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

98 સામાન્ય રીતે કોઈ પણ પ્રદેશની આબોહવા તે પ્રદેશની કેટલાં વર્ષોની હવામાન પરિસ્થિતિ ઉપરથી નક્કી કરવામાં આવે છે ?

(A) 35 કે તેથી વધુ
(B) 20 કે તેથી વધુ
(C) 10 કે તેથી વધુ
(D) 15 કે તેથી વધુ

99 સંસદના કોઈ પણ સભ્યને પાર્લામેન્ટના સત્ર પહેલા અને પછીના કેટલા દિવસ દરમ્યાન દીવાની અદાલતની કાર્યવાહી માટે ધરપકડથી મુક્તિ આપવામાં આવી છે ?

(A) 45 દિવસ
(B) 30 દિવસ
(C) 50 દિવસ
(D) 40 દિવસ

100 'આર્ટિકલ-348ની જોગવાઈઓને આધીન રહીને, સંસદનું કામકાજ હિન્દી અથવા અંગ્રેજીમાં ચલાવવામાં આવશે.' ભારતીય સંવિધાનનો આ આર્ટિકલ જણાવો.

(A) આર્ટિકલ - 111
(B) આર્ટિકલ - 120
(C) આર્ટિકલ - 123
(D) આર્ટિકલ - 110

101 ''સંઘ માટે એક સંસદ રહેશે, જે રાષ્ટ્રપતિ અને અનુક્રમે રાજ્યસભા અને લોકસભા નામે ઓળખાતા બે ગૃહોની બનશે.'' આ પ્રકારની જોગવાઈ ભારતીય બંધારણના કયા આર્ટિકલમાં કરવામાં આવી છે ?

(A) આર્ટિકલ - 73
(B) આર્ટિકલ - 79
(C) આર્ટિકલ - 75
(D) આર્ટિકલ - 77

102 ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અનુસૂચિત જાતિના અને હિન્દુ ધર્મ પાળતા અનુસૂચિત જાતિ સિવાયની વ્યક્તિ વચ્ચે આંતરજ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન આપવા માટે યુગલ દીઠ કુલ રૂ. 1.00 લાખ સહાય આપવામાં આવે છે. આ સહાયને કયા મહાનુભાવના નામ સાથે જોડવામાં આવેલ છે ?

(A) ડૉ. સવિતા આંબેડકર
(B) મહારાજ સયાજીરાવ ગાયકવાડ
(C) સંત કબીર
(D) ડૉ. ભીમરાવ આંબેડકર

103 ધ જુવેનાઈલ જસ્ટિસ કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન એક્ટ કયા વર્ષમાં ઘડવામાં આવ્યો ?

(A) 2013
(B) 2010
(C) 2015
(D) 2014

104 ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ દ્વારા મુદતી ધિરાણ યોજના (ટર્મ લોન) અંતર્ગત વધુમાં વધુ કેટલી રકમ સુધીનું ધિરાણ આપવામાં આવે છે ?

(A) રૂ. 10.00 લાખ
(B) રૂ. 20.00 લાખ
(C) રૂ. 25.00 લાખ
(D) રૂ. 30.00 લાખ



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

105 દુકાનદાર નં. 1 ખરીદી પર 15% અને 15% બે વળતર આપે છે.
દુકાનદાર નં. 2 ખરીદી પર 10% અને 20% બે વળતર આપે છે.
દુકાનદાર નં. 3 ખરીદી પર 25% અને 5% બે વળતર આપે છે.
કઈ દુકાને ખરીદી કરવી ફાયદાકારક થાય ?

(A) દુકાનદાર નં. 1 (B) દુકાનદાર નં. 2
(C) દુકાનદાર નં. 3 (D) બધે સરખો જ ફાયદો થાય

106 કનુએ રૂ. 1250માં ખરીદેલી સાઈકલ 8% નફો લઈને મનુને વેચી. મનુએ આ સાઈકલ રૂ. 1300માં ભાનુને વેચી, તો મનુને નફો મળે કે ખોટ જાય ? કેટલા ટકા ?

(A) ખોટ $3\frac{19}{27}\%$ (B) નફો $3\frac{14}{27}\%$
(C) ખોટ 8% (D) નફો 8%

107 બે ટ્રેઈનની લંબાઈ 185 મીટર અને 215 મીટર છે. તેઓની ઝડપ અનુક્રમે 50 કિ.મી./ક. અને 40 કિ.મી./ક. છે. બંને ટ્રેન વિરુદ્ધ દિશામાં સમાંતર લાઈન પર દોડે છે, તો કેટલા સમયમાં એકબીજાને પસાર કરશે ?

(A) 12 સેકન્ડ (B) 15 સેકન્ડ
(C) 16 સેકન્ડ (D) 1 મિનિટ

108 એક સંમેય સંખ્યાનો અંશ છેદ કરતાં 6 જેટલો ઓછો છે. જો અંશના બમણા કરીએ અને છેદને 27 વધારીએ, તો નવો અપૂર્ણાંક $\frac{1}{2}$ થાય. તો મૂળ અપૂર્ણાંક શોધો.

(A) $\frac{5}{11}$ (B) $\frac{10}{16}$
(C) $\frac{17}{11}$ (D) $\frac{11}{17}$

109 બે સંખ્યાનો સરવાળો 37 છે. જો નાની સંખ્યામાં 5 ઉમેરવામાં આવે અને મોટી સંખ્યામાંથી 7 બાદ કરવામાં આવે તો મળતી નવી સંખ્યાઓનો ગુણોત્તર 4:3 થાય છે. તો મૂળ સંખ્યાઓ શોધો.

(A) 15 અને 22 (B) 16 અને 21
(C) 17 અને 20 (D) 24 અને 13

110 નળ A એક ટાંકી 20 મિનિટમાં ભરે છે. નળ B, 30 મિનિટમાં ભરે છે. નળ A ચાલુ કર્યા બાદ 10 મિનિટ પછી નળ B ખોલવામાં આવે છે, તો ટાંકી ભરાતા કુલ ____ મિનિટ લાગે.

(A) 20 (B) 30
(C) 12 (D) 16



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

111 નીચેનામાંથી કયો વિકલ્પ વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમની અદ્યતન આવૃત્તિ દર્શાવે છે ?
(A) Windows 10 (B) Windows 14
(C) Windows 18 (D) Windows 20

112 કમ્પ્યૂટરમાં ગુજરાતી ટાઈપિંગ ન જાણતા ઉપયોગકર્તા માટે ઉપયોગી એવું ગુજરાતી ટ્રાન્સલિટરેશન કયા પ્રકારનું કી-બોર્ડ છે ?
(A) બેકલિટ (B) ફોનેટિક
(C) ઈન્ડિકેટ (D) ટેરાટિક

113 MS Excelના 27મા સ્તંભ (Column)નું નામ શું હોય છે ?
(A) AA (B) AB
(C) AC (D) AD

114 વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમમાં કટ/કોપી કરેલી માહિતીને કામચલાઉ ધોરણે સંગ્રહ કરતા પ્રોગ્રામને શું કહે છે ?
(A) ક્લિપ સ્ટોરેજ (B) ક્લિપ બોર્ડ
(C) ક્લિપ મેપ (D) ક્લિપ ઈન્ફો

115 નીચેનામાંથી કયો વિકલ્પ કમ્પ્યૂટર નેટવર્ક ટોપોલોજીનો પ્રકાર નથી ?
(A) રિંગ (Ring) (B) સ્ટાર (Star)
(C) સ્ક્વેર (Square) (D) ટ્રી (Tree)

116 નીચેનામાંથી કયો વિકલ્પ ઈ-મેઈલ પ્રોટોકોલનો પ્રકાર દર્શાવતો નથી ?
(A) IMAP (B) SMTP
(C) POP3 (D) MIMP

117 Gmail વિન્ડોમાં વિવિધ પ્રકારની ફાઈલને એટેચ કરવા માટે કયા ચિત્રવાળું આઈકોન જોવા મળે છે ?
(A) પેપર ક્લિપ (B) પેપર સ્ટોન
(C) પેપર જોઈન્ટર (D) પેપર સ્ટીક

118 વેબપેજમાં જોવા મળતી હાઈપરલિંક સામાન્ય રીતે કયા રંગની જોવા મળે છે ?
(A) લાલ (Red) (B) લીલા (Green)
(C) વાદળી (Blue) (D) કાળા (Black)

119 કમ્પ્યૂટરમાં WinZip કયા પ્રકારનો પ્રોગ્રામ છે ?
(A) ફાઈલ સંકોચન (B) ફાઈલ પુનરાવર્તન
(C) ફાઈલ નેટવર્કિંગ (D) ફાઈલ કન્વર્ટર

120 કમ્પ્યૂટરમાં આપેલા વિકલ્પોમાંથી કોઈ એક જ વિકલ્પ પસંદ કરી શકાય તેવા વર્તુળાકાર બટનને શું કહે છે ?
(A) રેડિયો બટન (B) લિસ્ટ બટન
(C) રાઉન્ડ બટન (D) ચેક બટન

PariksaPath · pariksapath.in

MaruGujarat.in

121 મન્દાક્રાંતા છંદનું બંધારણ જણાવો.

(A) મતતભનગાગા
(B) મભતતનગાગા
(C) મતનભનગાગા
(D) મભનતતગાગા

122 શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.
વાછરડું જોયા વિના દૂધ દોહવા દેતી ગાય -

(A) અવલી
(B) કવલી
(C) સાવલી
(D) ઝાવલી

123 નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.

(A) કેશ - વાળ
(B) કેસ - અદાલતનો મુકદમો
(C) ચૂક - ઊણપ
(D) ચૂંક - લોખંડની હથોડી

124 નીચેના શબ્દના સાચી રીતે છૂટા પાડેલા સ્વર - વ્યંજનો (ધ્વનિશ્રેણી) વિકલ્પમાંથી શોધો.
બિંદુ

(A) બ્ + ઈ + ન્ + દ્ + ઊ
(B) બ્ + ઇ + ન્ + દ્ + ઉ
(C) બ્ + ઈ + ન્ + દ્ + ઉ
(D) બ્ + ઉ + ન્ + દ્ + અ

125 નીચે આપેલ શબ્દનો સાચો વિરોધી શબ્દ વિકલ્પમાંથી શોધો.
ઉત્તમ

(A) સુત્તમ
(B) અધમ
(C) કદમ
(D) ખલનાયક

126 ખોટી જોડણી શોધો.

(A) પ્રદક્ષિણા
(B) આત્યંતિક
(C) જુનવાણી
(D) મૂંઝવણ

127 રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.
ઓછું આવવું

(A) વધારે ન હોવું
(B) ખુશ થવું
(C) દુઃખ થવું
(D) કરકસર કરવી



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

128 સંધિ છોડો.

પરિણતિ

(A) પરિ + ણતિ
(B) પરિ + અનીતિ
(C) પરિ + નતિ
(D) પરૂ + નતિ

129 નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.

તે રમતમાં અવ્વલ આવે છે.

(A) સાર્વનામિક
(B) સંખ્યાવાચક
(C) આકારવાચક
(D) ક્દવાચક

130 નીચે આપેલ વાક્યનો યોગ્ય કર્તરિપ્રયોગ જણાવો.

ઈશ્વર દ્વારા વિદ્યાર્થીઓને વ્યાકરણ ભણાવાય છે.

(A) ઈશ્વરે વિદ્યાર્થીઓને વ્યાકરણથી ભણાવે.
(B) ઈશ્વરે વિદ્યાર્થીઓને વ્યાકરણ ભણાવવું.
(C) ઈશ્વર વિદ્યાર્થીઓને વ્યાકરણ ભણાવશે.
(D) ઈશ્વર વિદ્યાર્થીઓને વ્યાકરણ ભણાવે છે.

131 નીચે આપેલ શબ્દનો સમાસ ઓળખાવો.

પ્રપાતસંગીત

(A) મધ્યમપદલોપી
(B) તત્પુરુષ
(C) કર્મધારય
(D) ઉપપદ

132 નીચે આપેલ વિકલ્પોમાંથી સાચી જોડણી શોધો.

(A) ગિરીશૃંગ
(B) દિવાસળી
(C) જીર્ણશીર્ણ
(D) ઓફિસ

133 નીચે આપેલ વાક્યનો નિપાત ઓળખાવો.

દિયાનને માત્ર બોનવીટા જ ભાવે છે

(A) માત્ર
(B) ને
(C) જ
(D) ઉપરોક્ત (A) અને (C) બંને



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

134 નીચે આપેલ તળપદા શબ્દનું શિષ્ટ રૂપ વિકલ્પમાંથી શોધો.
'ગુન'

(A) વફાદાર
(B) હોશિયાર
(C) અત્યંત ગુણી
(D) ભાગ્યશાળી

135 સમાનાર્થી શબ્દ જણાવો.
'ગિરા'

(A) પર્વતની હારમાળા
(B) વાણી
(C) સાંનિધ્ય
(D) વાર્તા

136 નીચે જણાવેલ શબ્દોમાંથી ક્યો શબ્દ 'પય' શબ્દનો સમાનાર્થી શબ્દ નથી ?

(A) શ્વાસ
(B) જંતુ
(C) રાત્રિ
(D) અનાજ

137 સાહિત્યકાર રઘુવીર ચૌધરીની કૃતિ જણાવો.

(A) પૂણ્યશ્લોક
(B) ત્રીજો પુરુષ
(C) મેરુ રે ડગે
(D) સાંજ છૂટ્યાની વેળા

138 ગુજરાતી ભાષાના આદિકવિ નરસિંહ મહેતાના માતાનું નામ જણાવો.

(A) દાનકુંવર
(B) દયાકુંવર
(C) કેસરકુંવર
(D) દેવકુંવર

139 મીરાંબાઈએ નાનપણમાં મેડતામાં રહી કોની પાસેથી ભક્તિનો આકંઠ રસ પીધો હતો ?

(A) રાવ દુદાજી
(B) બાઈ અમૃતા
(C) મામા ભોજસિંહ
(D) દાદા વિક્રમસિંહ

140 નીચે જણાવેલ શબ્દનો અર્થ જણાવો.
- રેણુ

(A) રાત્રી
(B) રજ
(C) વાંસળી (વેણુ)
(D) રણપ્રદેશ



P.T.O.

PariksaPath · pariksapath.in

MaruGujarat.in

141 Fill in the blank :

Ours is a ________ school.

(A) girls (B) girls'

(C) girl's (D) boys

142 Fill in the blank :

Blood donor can not get infected if ............

(A) the instruments are new.

(B) the instruments are imported.

(C) the nurse is very skillful.

(D) the instruments are sterilised.

143 Fill in the blank :

______ friends he has are all poor.

(A) Few (B) A few

(C) Fewer (D) The few

144 The boy was disobedient so he was punished.

(Make it simple sentence)

(A) Though the boy was obedient, he was punished.

(B) The boy is punish for his disobedience.

(C) The boy was punished for his disobedience.

(D) The boy was obedient but he was punished.

145 Fill in the blank :

A black and a white cow ______ grazing in the field now.

(A) are (B) is

(C) was (D) were



PariksaPath · pariksapath.in

MaruGujarat.in

146 Change into Indirect speech :

They said, 'Alas ! He is dead.'

(A) They asked if he is dead.

(B) They exclaimed sadly that he was dead.

(C) They told wheather he was dead.

(D) They asked joyfully if he was really dead.

147 Change the degree :

I am as old as my brother.

(A) My brother is not elder to me.

(B) I am not older then my brother.

(C) My brother is older then me.

(D) I am elder than my brother.

148 Fill in the blank :

Coming out or resulting from a natural tendency is called ______.

(A) Income

(B) Co-operation

(C) Restriction

(D) Spontaneous

149 Change the voice :

He was not given admission by them.

(A) They did not give him admission.

(B) They were not given admission by him.

(C) Admission did not be given to him by they.

(D) Them were not givan admision by him.

150 Fill in the blank :

He boasts as if he ______ the Prime Minister and he has solv the Kashmir issue.

(A) will be

(B) were

(C) has

(D) was



PariksaPath · pariksapath.in